# Word Resounds Today

## ''વિજેતા'' પ્રાર્થના કેલેન્ડર - માર્ચ - ૨૦૨૫

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) નવો જન્મ : ''હું તમને ખચીત ખચીત કહું છું કે, જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય, તો તે દેવનું રાજ્ય જોઈ શકતું નથી.'' (યોહાન ૩ઃ૩,૫) ઈસુએ તારણની શરત રાખી હતી. જ્યારે આપણે આપણાં પાપનો પસ્તાવો કરીને ઈસુ પર વિશ્વાસ કરીએ છીએ ત્યારે આપણાં પાપમાંથી વચન વડે શુદ્ધ થઈએ છીએ. પછી ઈશ્વર આપણને તેમનાં આત્મા દ્વારા જન્મ આપે છે.

(૨) વિરોધી સંસ્કૃતિ : ''માટે, જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે, તો તે નવી ઉત્પતિ છે.'' (૨ કરિંથી ૫ઃ૧૭) આપણે જ્યારે ઈશ્વરના આત્માથી જન્મ પામીએ છીએ ત્યારે આપણે નવી ઉત્પતિ અને નવી ઓળખ મેળવીએ છીએ. આપણે ઈશ્વરનાં સંતાનો અને સ્વર્ગના નાગરિક બન્યા છીએ. આપણે પૃથ્વી પર ઈશ્વરના એલચી છીએ. આજે ઈશ્વરને તેમના રાજ્યને ફેલાવવા માટે તમારો ઉપયોગ કરે તે માટે પ્રાર્થના કરો.

(૩) કેવી રીતે પ્રાર્થના કરવી તે શીખવું : ''પ્રભુ અમને પ્રાર્થના કરતાં શીખવો.'' (લૂક ૧૧ઃ૧બ) પહેલાંના શિષ્યોની જેમ આપણે પણ પ્રભુ ઈસુ પાસેથી કેવી રીતે પ્રાર્થના કરવી તે શીખી શકીએ છીએ. પ્રભુની પ્રાર્થના નમૂનારૂપ છે. આપણે ઈશ્વરને આપણાં પિતા કહી શકીએ છીએ અને આપણી સર્વ વિનંતીઓ સાથે તેમની પાસે જઈ શકીએ છીએ. તે આપણને ખરું પિતૃત્વ શું છે તે જણાવવા માંગે છે.

(૪) પ્રથમ ઈશ્વર : ''ઓ આકાશમાંના અમારા બાપ, તારું નામ પવિત્ર મનાઓ.'' (માથ્થી ૬ઃ૯) ઈશ્વર પ્રત્યેનો આપણો પ્રેમ એ હકીકત દ્વારા દર્શાવવામાં આવે છે કે તે આપણાં જીવનમાં પ્રથમ સ્થાન ધરાવે છે, કે તેની સાથેના આપણાં સંબંધ કરતાં વધુ મહત્વનું કંઈ નથી. આપણે આપણાં સમયનું રોકાણ કરીએ છીએ તે એક સારું સૂચક છે. વચનના પુરુષ બનો.

(૫) આપણા પડોશી પર પ્રેમ : ''તમારું રાજ્ય આવો. જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તમારી ઈચ્છા પૂરી થાઓ.'' (માથ્થી ૬ઃ૧૦) ઈસુએ તેમના શિષ્યોને સુવાર્તા પ્રચાર કરવા માટે મોકલ્યા, જેથી લોકો તેમના જીવનને ઈશ્વરને સોંપીને પાછા ફરે અને બચી જાય. સુવાર્તા પ્રચારનો મહાન આદેશ આજે પણ એટલો જ યોગ્ય છે.

(૬) પૂરવઠો : ''દિવસની અમારી રોટલી આજ અમને આપ.'' (માથ્થી ૬ઃ૧૧) પ્રેમાળ પિતા તરીકે ઈશ્વર આપણી કાળજી રાખે છે અને દરરોજ આપણી જરૂરિયાતો પૂરી પાડવા ઈચ્છે છે. તે આપણી સાથે માનપૂર્વક વર્તે છે. તે આપણા પર તેમની ઈચ્છા લાદતા નથી, પણ આપણી પ્રાર્થના સાંભળવા માંગે છે. આપણે ક્યારેય ન ભૂલીએ કે દરેક સારી ભેટ આપણા આનંદ માટે આપણા પિતા તરફથી છે.

(૭) માફી : ''અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યા છે, તેમ તું અમારાં ઋણો અમને માફ કર.'' (માથ્થી ૬ઃ૧૨) ઈસુએ વધસ્તંભ પર બધાનું દેવું વેઠ્યું. માફી આપવી એ સભાન કૃત્ય છે, જે આપણા પરનાં અન્ય લોકોનું ઋણ રદ કરે છે. તે આપણને આપણાં પોતાનાં હૃદયમાં મુક્ત કરે છે. સારા સમાચાર એ છે કે હું પણ ઈશ્વરને મારા ઋણોમાંથી મુક્ત કરવા અને માફ કરવા માટે કહી શકું છું.

(૮) પરીક્ષણ : ''અમને પરીક્ષણમાં ન લાવો, પણ ભૂંડાથી અમારો છૂટકો કર.'' (માથ્થી ૬ઃ૧૩) ઈશ્વર આપણામાં રહેલી વિનાશક શક્તિ અને બાહ્ય રીતે આપણને ઘેરી લેતી સર્વ દુષ્ટતા વિશે જાણે છે. આપણે આપણી શક્તિથી અંકુશ મેળવી શકતા નથી. આપણે ઈશ્વરને તેમની સહાય માટે જણાવી શકીએ છીએ. તે આપણને વિજય અપાવવામાં મદદ કરવા તૈયાર છે.

(૯) અગ્રિમતાઓ : ''તારું બહારનું કામ તૈયાર રાખ, તારા ખેતરનું કામ તૈયાર કર, અને ત્યારપછી તારું ઘર બાંધ.'' (નીતિવચનો ૨૪ઃ૨૭) ઈશ્વર દરેક વસ્તુના સર્જનહાર છે અને માણસને ખેતી કરવા અને રાજ કરવા માટે નીમ્યા છે. તેમની અગ્રિમતાઓ પ્રમાણે જીવો. તમે જે કંઈ કરો છો તેનાથી તેમનું સન્માન કરો. તમારા રોકાણમાં તેમનું માર્ગદર્શન મેળવો. તમારા તથા તમારા પરિવાર માટે તે પૂરું પાડનાર છે એવો વિશ્વાસ તેમના પર રાખો.

(૧૦) કૃપા : ''પણ દેવ જે કરુણાથી ભરપૂર છે. આપણે પાપમાં મૂએલા હતા ત્યારે તેણે ખ્રિસ્તની સાથે આપણને સજીવન કર્યા.'' (એફેસી ૨ઃ૪,૫) દુન્યવી માણસ પાસે દૈહિક જીવન છે, પરંતુ આત્મિક રીતે મૃત છે. ઈશ્વરે તેમનાં પુત્રને આપણને છોડાવવા માટે જગતમાં મોકલ્યા છે. જો તમે વિશ્વાસથી ઈસુને સ્વીકારો છો તો તમારી પાસે આત્મિક જીવન છે. ઈશ્વરની કૃપામાં આનંદ કરો.

(૧૧) સંપત્તિ : ''યહોવાનો આશીર્વાદ ધનવાન કરે છે અને તેની સાથે કંઈ ખેદ મિશ્રિત નથી.'' (નીતિવચનો ૧૦:૨૨) પુરુષો તેમનાં વ્યવસાયમાં પોતાનું તમામ રોકાણ કરવા અને જીવનમાં આગળ વધવા માટે બધું જ કરવા લલચાય છે, પરંતુ ખરી સંપત્તિ આપણી પાસે જે છે તે નહિ પણ આપણે જે છીએ તે છે. ચારિત્ર્યની સુંદરતા અને પ્રભુનો આનંદ એ સૌથી મોટી સંપત્તિ છે.

(૧૨) સૌથી મોટી આજ્ઞા : ''પ્રભુ તારા દેવ પર તું તારા પૂરા હૃદયથી, ને તારા પૂરા જીવથી, ને તારા પૂરા મનથી પ્રીતિ કર.'' (માથ્થી ૨૨:૩૭) આપણે ઈશ્વરનું સર્જન છીએ અને જીવન તેમની ભેટ છે. હંમેશા તેમની સાથે તાલમેલમાં રહેવાની અને તમે જે છો, કરો છો અને ધરાવો છો તે સર્વથી ઈશ્વરને માન આપનારા સાચા આરાધક બનવા માટે પ્રાર્થના કરો.

(૧૩) લગ્નમાં સંવાદિતા : ''તો પણ તમારામાંનો દરેક જેમ પોતાના પર તેમ પોતાની સ્ત્રી પર પ્રેમ રાખે, અને સ્ત્રી પોતાના પતિનું માન રાખે.'' (એફેસી ૫:૩૩) લગ્ન એ પરિવારનો આધાર છે. બિનસાંપ્રદાયિક વિચારધારાઓ જાતીય સંબંધોને મામૂલી બનાવીને કુટુંબનો નાશ કરવાનો પ્રયાસ કરે છે. તમારા લગ્નજીવનમાં પ્રેમ અને સંવાદિતાનું ઉદાહરણ સ્થાપવા માટે પ્રાર્થના કરો.

(૧૪) ઈશ્વર એક પુરુષને શોધે છે : ''તેઓની અંદર મેં એવો માણસ શોધ્યો કે જે આડરૂપ થઈને મારી તથા દેશની વચ્ચે છીંડામાં ઊભો રહીને મને તેનો નાશ કરતાં વારે, પણ મને એવો એકે માણસ મળ્યો નહિ.'' (હઝકીએલ ૨૨:૩૦) ઘર અને સમાજમાં પુરુષોની આગેવાનીની ભૂમિકા હોય છે. ઈશ્વર આપણી પાસેથી ચારિત્ર્ય, હિંમત, સમર્પણ અને આત્મિક યુદ્ધમાં જોડાવા માટે તૈયારીની અપેક્ષા રાખે છે. તમે પણ એવા પુરુષ બનવા પ્રાર્થના કરો.

(૧૫) હૂંફાળું: ''પણ તું હૂંફાળો છે, એટલે ઊનો નથી તેમ ટાઢો પણ નથી. માટે હું તને મારા મોંમાંથી થૂંકી નાખીશ.'' (પ્રકટીકરણ ૩:૧૬) પ્રવાહની સાથે ભળવું એ સંઘર્ષને ટાળવાનો સૌથી સરળ માર્ગ છે, પરંતુ ખ્રિસ્ત તેના અનુયાયીઓ પાસેથી જગતમાં મીઠા અને પ્રકાશની આશા રાખે છે. તમારા જીવન દ્વારા જીવવા અને સુવાર્તા પ્રચાર કરવા માટે પ્રાર્થના કરો.

(૧૬) નમ્રતા: ''તમે સઘળા એકબીજીની સેવા કરવાને સારુ નમ્રતા પહેરી લો.'' (૧ પિતર ૫:૫) આજની સંસ્કૃતિમાં નમ્રતા દુર્લભ બાબત છે, પરંતુ બાઈબલ સમાજના માનવતાવાદી દુન્યવી દૃષ્ટિકોણને પડકારે છે અને આપણને સુમેળભર્યાં સંબંધોની ચાવી આપે છે. ખ્રિસ્તના શિષ્ય બનવા માટે પ્રાર્થના કરો અને તેમની પાસેથી સાચી નમ્રતા શું છે તે શીખો.

(૧૭) ઈશ્વરને જોઈને સહન કરો : ''વ્હાલા ઈશ્વર, મારી વિચારસરણીને દૃષ્ટિથી ચાલવામાંથી વિશ્વાસથી ચાલવામાં બદલો. મને તમે સર્વ બાબતોમાં કાર્ય કરતા જોવા સહાય કરો. કૃપા કરીને મને મારા ભલા અને તમારા મહિમા માટે સર્વ કામ કરવા માટે તમારા પર વિશ્વાસ રાખીને સહન કરવા સહાય કરો. વિશ્વાસની જે આંખો ઈશ્વરને જોવા, સાંભળવા અને જાણવા મદદ કરે છે તે માટે તમારો આભાર.'' (હિબ્રૂ ૧૧:૨૭)

(૧૮) તમારામાં ઈશ્વર : ''હે ઈશ્વર, તમારા વિશે જાણવું એ એક બાબત છે, પરંતુ તમારું જીવન અમારામાં રાખવું એ ઘણું સારું છે. તમારી હાજરી મને આરામ આપે છે અને ટકાવી રાખે છે. મને ખ્રિસ્તમાં જે જોઈએ છે તે સર્વ આપવા બદલ તમારો આભાર.'' (યોહાન ૧૪:૨૦)

(૧૯) વિશ્વાસથી જીવવું : ''પ્રભુ ઈસુ, તમે જીવનને ખૂબ જ સરળ બનાવ્યું છે. તમે ન્યાયી ઠરાવ્યો છે અને તમારામાં મને ન્યાયી બનાવ્યો છે. તમે એ માટે આ કર્યું જેથી હું તમારું જીવન અનુભવું. તમે મારામાં જીવો એ માટે હું તમારામાં વિશ્વાસ કરું છું. તમારો આભાર કે હવે હું ઈશ્વરના પુત્રના વિશ્વાસ દ્વારા ખરેખર જીવવા તૈયાર છું.'' (રોમન ૧:૧૭)

(૨૦) આત્મામાં ચાલવું : ''હે ઈશ્વર, ખ્રિસ્તી જીવન જીવવાના મારા પ્રયત્નો ચાલવા કરતાં વધુ ફંગોળાઈ જવાના, ઠોકર ખાવાના અને પડી જવાના છે. તેથી હું મારી જાતનો સંપૂર્ણ અંકુશ પવિત્ર આત્માને સોંપુ છું. કૃપા કરીને મને તમારા આત્માથી ભરો અને મારા દ્વારા તમારું જીવન જીવો. મને યોગ્ય રીતે ચાલવા સહાય કરો.'' (ગલાતી ૫:૨૫)

(૨૧) આત્મા દ્વારા કૃપા : ''હે ઈશ્વર, મેં ઘણાં અવરોધોનો સામનો કર્યો છે કે જે જબરજસ્ત લાગતું હતું, પરંતુ હવે હું જોઉં છું કે આ મારા માટે તમારાં મૃત્યુનાં સાધનો છે. તેથી હું માનું છું કે મારો દેહ અબળ છે. હું ખ્રિસ્ત સાથેનું મારું મરણ સ્વીકારું છું અને તમારા પુનરુત્થાનનું સામર્થ્ય જે મને વિજય મેળવવામાં સક્ષમ છે તેના પર વિશ્વાસ કરું છું.'' (ઝખાર્યા ૪:૬-૭)

(૨૨) સલામત અને સુરક્ષિત : ''વ્હાલા ઈશ્વર, હું સતત મુશ્કેલ સંજોગોનો સામનો કરી રહ્યો છું. જે મારી તાકાત બહાર છે. હું ભયભીત અને નિરાશ થઈ ગયો છું, પરંતુ તમારા માટે કંઈ અશક્ય નથી. મેં ખ્રિસ્તને સ્વીકાર્યો હોવાથી તમે મારામાં છો. જ્યાં હું જાઉં ત્યાં તમે મારી સાથે છો. મારામાં રહેવા બદલ તમારો આભાર માનું છું.'' (યહોશુઆ ૧:૯)

(૨૩) વ્યૂહરચના : "કુશળ મિસ્ત્રી તરીકે મેં પાયો નાખ્યો છે અને તેના પર બીજો બાંધે છે, પણ પોતે તેના પર કેવી રીતે બાંધે છે તે વિશે દરેકે સાવધ રહેવું." (૧ કરિંથી ૩:૧૦) જો તમે તમારા જીવનની ગણતરી કરવા માંગતા હો તો જે મહત્વનું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરો. ઈસુ ચેતવણી આપે છે કે જો માણસ આખું જગત મેળવે અને તેના જીવને હાનિ થાય તો શો લાભ ? આજે તેમને તમારા પ્રભુ બનવા દો.

(૨૪) પ્રભાવ પાડનાર : "તેમ જ તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે." (માથ્થી ૫:૧૬) તમારું સમગ્ર વલણ, તમારા ઈશ્વરીય મૂલ્યો, તમારું ચારિત્ર્ય અને દયાના કૃત્યો સમાજને પ્રભાવિત કરે છે. જો તમે બોલી શકતા નથી, તો પણ લોકો ધ્યાન આપશે અને ઈશ્વરને મહિમા મળશે.

(૨૫) બોલો : "તું બીતો ના, પણ બોલજે, છાનો ન રહેતો, કેમ કે હું તારી સાથે છું અને કોઈપણ માણસ તારા પર હુમલો કરીને તને ઈજા કરશે નહિ. કારણ કે આ શહેરમાં મારા ઘણા લોક છે." (પ્રે.કૃત્યો ૧૮:૯-૧૦) તમે જગતનું મીઠું અને પ્રકાશ બનો. આજે ઈશ્વર દ્વારા તમારો ઉપયોગ થાય તે માટે તૈયાર રહો.

(૨૬) આબોહવા : આપણાં ઘરનું વાતાવરણ આપણે અન્ય લોકો સાથે વાતચીત અને સંબંધોમાં કેવું વર્તન કરીએ છીએ તેના પર આધાર રાખે છે. નીતિવચનો ૧૫:૧ જણાવે છે કે "નમ્ર ઉત્તર ક્રોધને શાંત કરી દે છે, પણ કઠોર શબ્દો રીસ ચઢાવે છે." પુરુષો તરીકે આપણે કુટુંબમાં સારા વાતાવરણની સંભાળ રાખનારા અને જાળવનારા પ્રથમ હોઈએ છીએ. ઈશ્વર પાસે ડહાપણ માંગો.

(૨૭) આશીર્વાદ : માતાપિતા દ્વારા તેમના બાળકોને આશીર્વાદનો ઉલ્લેખ બાઈબલમાં અસંખ્ય વખત કરવામાં આવ્યો છે. ઈસુએ પોતે એક નમૂનો આપ્યો છે. "અને તેણે તેઓને બાથમાં લીધા ને તેઓ પર હાથ મૂકીને તેઓને આશીર્વાદ દીધો." (માર્ક ૧૦:૧૬) તમારા બાળકો માટે સતત પ્રાર્થના કરો. તેમને આશીર્વાદ આપો. તેઓ જ પાછળથી ફળ આપનાર બીજ બનશે.

(૨૮) જોડાણ : જો આપણે ખ્રિસ્ત માટે સંસ્કૃતિ સુધી પહોંચવા માંગીએ છીએ તો તે માર્ગ પુરુષો સુધી પહોંચવાનો છે. પિતાએ તેમના પુત્રો સાથે હૃદયના સ્તરે જોડાવાની જરૂર છે. "તે પિતાઓનાં મન પુત્રો તરફ ને પુત્રોનાં મન પોતાના પિતાઓ તરફ ફેરવશે. રખેને હું આવીને પૃથ્વીને શાપથી મારું." (માલાખી ૪:૬) તમારી મંડળીના પુરુષો માટે પ્રાર્થના કરો.

(૨૯) ઉચ્ચ ધોરણ : પ્રભુ ઈસુ તેમના શિષ્યો માટે જે ધોરણ નક્કી કરે છે તે જીવનના તમામ ક્ષેત્રોમાં ઉચ્ચ છે. લગ્ન પણ તેમાંથી બાકાત નથી. એફેસી ૫:૨૫ જુઓ, "પતિઓ, જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો, અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું, તેમ તમે પોતાની પત્નીઓ પર પ્રેમ રાખો." પતિઓ આ ધોરણ પ્રમાણે જીવે અને તેમની પત્નીઓને ખ્રિસ્તના પ્રેમથી પ્રેમ કરે તે માટે પ્રાર્થના કરો.

(૩૦) સમર્પણ : આપણા પરિવારોને પૂરું પાડવા અને અન્ય લોકો પ્રત્યે દયા દર્શાવવા માટે આપણે આપણાં કાર્યમાં મહેનતુ હોવા જોઈએ. કારણ કે "જે માણસ પવન પર ધ્યાન રાખ્યા કરે છે તે વાવશે નહિ અને જે માણસ વાદળ જોતો રહે છે તે કાપણી કરશે નહિ." (સભાશિક્ષક ૧૧:૪) ચાલો આપણે મહેનતુ બનીએ અને આપણા કર્મચારીઓ, નોકરીદાતાઓ માટે અને કાર્યસ્થળમાં સારી સ્થિતિ માટે પ્રાર્થના કરીએ.

(૩૧) બદલાણ : ૨ કરિંથી ૫:૧૭માં બાઈબલ શીખવે છે કે, "જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પતિ છે. જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે, જુઓ, તે નવું થયું છે." આપણે ઉદ્ધાર પામેલા છીએ એ માટે આપણી જીવનશૈલી સૌથી મોટી સાબિતી છે. પ્રાર્થના કરો કે તમારી પસંદગીઓ અને વલણો થકી ખ્રિસ્તનું જીવન પ્રગટ થાય.

**Word Resounds Today**
પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨
**M. No. : 9327621391**
**Free MP3 download : radio882.com**
**Youtube : youtube.com/c/wordresoundstodaygujarati**
**Spotify : www.radio882.com/spotify-gujarati**
**Gujarati Internet FM Radio : http://Radio882.com/fmgujarati**
**Gujarati TV Program:Gujarat First Channel, Time:06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**